સમસ્ત વાલ્મીકી સમાજે 24મી માર્ચ સુધીનું અલ્ટીમેટમ આપ્યું : ચીફ ઓફિસરને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરી

# કપડવંજ પાલિકાના સફાઈ કામદારોના પડતર પ્રશ્નોના મુદ્દે આંદોલનની ચીમકી

**માંગણીઓ** નહીં સંતોષાય તો સફાઇ કામદારો હડતાલ પર ઉતરશે


તસવીર: હરિશ જોષી

(પ્રતિનિધિ) કપડવંજ તા.17

કપડવંજ નગરપાલિકામાં ફરજ બજાવતા સફાઈ કામદારોની સુરક્ષા અને હિતને લગતા વિવિધ પડતર પ્રશ્નો બાબતે સમસ્ત વાલ્મીકી સમાજ ગુજરાત દ્વારા નગરપાલિકાના ચીફ ઓફિસરને લેખિત આવેદનપત્ર પાઠવી ઉગ્ર રજૂઆત કરવામાં આવી છે. સંસ્થાએ મ્યુનિસિપલ તંત્રને સ્પષ્ટ ચીમકી આપી છે કે જો આગામી 24મી માર્ચ સુધીમાં આ પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ લાવવામાં નહીં આવે તો કામદારો દ્વારા ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન અને હડતાલ કરવામાં આવશે.

આ આવેદનપત્રમાં પાલિકાના સેટઅપ મુજબ ખાલી પડેલી જગ્યાઓ પર તાત્કાલિક નવી ભરતી કરવા માટે દરખાસ્ત મોકલવાની માંગ કરવામાં આવી છે. આ ઉપરાંત, અન્ય મહત્વના મુદ્દામાં સફાઈ કામદારો પાસેથી લેવામાં આવતી 'ડબલ કામગીરી' બંધ કરી, સુપ્રીમ કોર્ટની ગાઈડલાઈન મુજબ 700 મીટરની રેન્જમાં જ કામ લેવાની રજૂઆત કરાઈ છે. વર્ષોથી ફરજ બજાવતા રોજમદાર કામદારોને કાયમી ભરતી પ્રક્રિયામાં પ્રથમ પસંદગી આપવી. ફાયર વિભાગના રોજમદારો પાસે 8 કલાકને બદલે 12 કલાક કામ લેવામાં આવે છે, જેનો નિયમ મુજબ ઓવરટાઈમ ચૂકવવાની માંગ કરાઈ છે. ખાસ કરીને કામદારોને માનસિક રીતે હેરાન કરતા સુપરવાઈઝરો સામે તપાસ કરી તેમને પદ પરથી દૂર કરવા માટે જણાવાયું છે.


આ અંગે સમસ્ત વાલ્મીકી સમાજ ગુજરાતના પ્રદેશ પ્રમુખ જીતુ બારૈયા અને સ્થાનિક હોદ્દેદારોએ જણાવ્યું છે કે અગાઉ પણ અનેકવાર રજૂઆતો કરવા છતાં કોઈ નક્કર પરિણામ આવ્યું નથી. જો 24મી માર્ચ સુધીમાં આ માંગણીઓ નહીં સંતોષાય તો કામદારો હડતાલનું શસ્ત્ર ઉગામશે, અને તે દરમિયાન ઊભી થનારી કોઈપણ પરિસ્થિતિ માટે નગરપાલિકા તંત્ર સંપૂર્ણપણે જવાબદાર રહેશે તેમ આવેદનપત્રમાં જણાવવામાં આવ્યું છે.

ભ્રષ્ટાચાર અને લોકપ્રશ્નો મુદ્દે સત્તાધારી પક્ષના જ સભ્યએ બંડ પોકાર્યો

# ચકલાસી પાલિકામાં કારોબારી ચેરમેન અને સીઓ સામસામે

**અમૃત 2.0** યોજનાના કામોમાં ગેરરીતિ અને દૂષિત પાણીની સમસ્યા મુદ્દે ગજગ્રાહ ચરમસીમાએ

**સાત દિવસમાં** કાર્યવાહી નહીં થાય તો કાયદેસરનાં પગલાંની ચીમકી ઉચ્ચારી




(પ્રતિનિધિ) નડિયાદ તા.17

નડિયાદ તાલુકાની ચકલાસી નગરપાલિકામાં ભાજપના શાસનમાં જ હોદ્દેદારો અને વહીવટી તંત્ર વચ્ચે ગજગ્રાહ ચરમસીમાએ પહોંચ્યો હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. પાલિકાના કારોબારી ચેરમેન સુરેશભાઈ પુનમભાઈ વાઘેલાએ પ્રજાની પાયાની તકલીફો દૂર કરવામાં નિષ્ફળ રહેલા ચીફ ઓફિસર અને એન્જિનિયર સામે એક પછી એક અનેક લેખિત રજૂઆતો કરી ભ્રષ્ટાચાર અને બેદરકારીના ગંભીર આક્ષેપો કર્યા છે. શાસક પક્ષના જ હોદ્દેદારે પોતાની સરકારના વહીવટી માળખા સામે સવાલો ઉઠાવતા સમગ્ર જિલ્લાના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે.

ચકલાસીમાં વિકાસના નામે લાખો અને કરોડો રૂપિયાના કામોમાં મોટાપાયે ગેરરીતિઓ આચરવામાં આવતી હોવાના પુરાવા સાથે રજૂઆત કરવામાં આવી છે. ખાસ કરીને અમૃત 2.0 યોજના હેઠળ ગાર્ડન ડેવલોપમેન્ટ અને બ્યુટીફિકેશનના કામોમાં નીતિ-નિયમોનું ઉલ્લંઘન થયું હોવાનું બહાર આવ્યું છે. તળાવની સાફ-સફાઈની કામગીરી માત્ર કાગળ પર રહી હોવાના અથવા તેમાં ભારે વેઠ ઉતારવામાં આવી હોવાના આક્ષેપ થયા છે. બાગ-બગીચામાં વપરાયેલા સીમેન્ટ રેતીના થાંભલાઓ ગુણવત્તા વિહોણા હોવાથી તૂટી ગયા છે, જ્યારે રેલિંગ અને ફેન્સિંગમાં ફિનીશિંગનો અભાવ જોવા મળી રહ્યો છે. આ કામગીરી ઓરિજિનલ નકશા વગર જ કરવામાં આવતી હોવાનો પણ ઘટસ્ફોટ થયો છે.

આ અંગે કારોબારી ચેરમેને ચીમકી ઉચ્ચારી છે કે, જો સાત દિવસમાં જવાબદાર કોન્ટ્રાક્ટરો અને અધિકારીઓ સામે નોટિસ આપી ખુલાસો પૂછવામાં નહીં આવે તો આગામી સમયમાં કાયદેસરની કાર્યવાહી હાથ ધરાશે. ભાજપના જ હોદ્દેદારે પોતાની સત્તાના વહીવટ સામે બંડ પોકારતા પાલિકાના સત્તાધીશોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

### લોકોના આરોગ્ય સાથે ચેડાં

ચકલાસી ગામમાં 3 મહિનાથી દૂષિત પાણીની સમસ્યા શહેરમાં પીવાના પાણીની લાઈનમાં લીકેજ હોવા છતાં તંત્ર દ્વારા ત્રણ મહિનાથી ખાડો ખોદીને પડતો મુકવામાં આવ્યો છે, જેના કારણે ગંદુ પાણી લોકોના ઘરો સુધી પહોંચી રહ્યું છે અને સ્વાસ્થ્ય સામે જોખમ ઉભું થયું છે. સૂર્યનગર રોડ પર પાણીની ટાંકી પાસે સ્થાનિક રહીશોની વારંવારની રજૂઆત છતાં વહીવટી તંત્રના પેટનું પાણી હલતું નથી.

### દબાણ હટાવવામાં તંત્રના બેવડા ધોરણો

મેઈન ચોકડી અને પેટ્રોલ પંપ આસપાસના વિસ્તારોમાં ગેરકાયદેસર રીતે ઉભા થયેલા કોમ્પ્લેક્સ અને ગોડાઉનો સામે કલેક્ટરના હુકમ છતાં દબાણ હટાવવાની કામગીરી કરવામાં તંત્ર સદંતર નિષ્ફળ રહ્યું છે. કારોબારી ચેરમેને આક્ષેપ કર્યો છે કે તંત્ર દ્વારા માત્ર નાના માણસો સામે કાર્યવાહી કરવામાં આવે છે અને મોટા ગજાના માથાઓને છાવરવામાં આવી રહ્યા છે.

સુરેલીમાં 25 જેટલા ગેરકાયદે દબાણો હટાવવાની ઝુંબેશ

# ઉમરેઠના સુરેલીમાં 'ભરવાડના ટેકરા' પર આખરે જેસીબી ફર્યું

**પોલીસ** બંદોબસ્ત વચ્ચે પંચાયત દ્વારા ગોચર ખુલ્લી કરાઇ



(પ્રતિનિધિ) ઉમરેઠ તા.17

ઉમરેઠ તાલુકાના સુરેલી ગામે છેલ્લા લાંબા સમયથી વિવાદનું કેન્દ્ર બનેલા ગેરકાયદે દબાણો પર આખરે તંત્રની ગાજ પડી છે. 'ભરવાડના ટેકરા' તરીકે ઓળખાતી ગોચરની જમીન પર ખડકાયેલા 24થી 25 જેટલા કાચા-પાકા રહેણાંક મકાનોને હટાવવાની પ્રક્રિયા ઉમરેઠ તાલુકા વિકાસ અધિકારી અને મોટા પોલીસ કાફલાની હાજરીમાં શરૂ કરવામાં આવી છે.

ઉમરેઠના સુરેલી ગ્રામ પંચાયત વિસ્તારમાં આવેલી સરકારી પડતર અને ગોચરની જમીન પર થયેલા અતિક્રમણને દૂર કરવા માટે ગ્રામ પંચાયત દ્વારા લાંબા સમયથી પ્રયાસો કરવામાં આવતા હતા. જોકે, દબાણકર્તાઓ દ્વારા અગાઉ કોર્ટમાં અરજી કરવામાં આવી હોવાથી આ કામગીરી ખોરંભે ચડી હતી. તાજેતરમાં કોર્ટ દ્વારા દબાણ હટાવવા પર રોક લગાવવાની અરજી રદ કરવામાં આવતા, તંત્ર દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આ મામલે અગાઉ ઉમરેઠ વિધાનસભાના સ્વ. ધારાસભ્ય ગોવિંદભાઈ પરમારે પણ જાન્યુઆરી 2025માં જિલ્લા સંકલન સમિતિમાં પ્રશ્ન ઉઠાવ્યો હતો. તેમણે સરકારી જમીનો પર ગેરબંધારણીય રીતે થયેલા બાંધકામો અને તેમને મળતી સુવિધાઓ અંગે તપાસ કરી, દબાણો કાયમી ધોરણે દૂર કરવા રજૂઆત કરી હતી.

હાલમાં સુરેલી ગ્રામ પંચાયતના સરપંચના નિર્ણય બાદ, જેસીબી મશીન દ્વારા સ્લેબ અને સિમેન્ટના પાકા મકાનો તોડવાની કામગીરી વેગવંતી બનાવવામાં આવી છે.

# વીરપુર : બેંકમાં એક વર્ષના ધક્કાથી ખાતેદારોમાં રોષ

**કલાર્કની** છેતરપિંડીનો ભોગ બનેલા ગ્રાહકોએ રિજીયોનલ ઓફિસમાં પહોંચ્યાં

(પ્રતિનિધિ) વીરપુર તા.17

વીરપુરની બેંક ઓફ બરોડામાં થયેલા રૂ. 42 લાખના ચકચારી કૌભાંડને એક વર્ષ વીતી ગયું હોવા છતાં, ભોગ બનેલા ખાતેદારો આજે પણ પોતાના જ નાણાં મેળવવા માટે બેંકના ઉંબરા ઘસી રહ્યા છે. આખરે ખાતેદારોએ આ અંગે રિજીયોનલ ઓફિસ ખાતે રજૂઆત કરી છે.

વીરપુરની બેંક ઓફ બરોડાની શાખાના કેશિયર તરીકે ફરજ બજાવતા જયસુખરામ બાબુલાલે વર્ષ 2019 થી 2025 દરમિયાન ગ્રાહકોના વિશ્વાસનો દુરુપયોગ કરી રૂ. 42 લાખની ઉચાપત કરી હતી. કેશિયરે બેંકના સ્ટેમ્પનો ઉપયોગ કરી બનાવટી એફડીઆર સર્ટિફિકેટ બનાવ્યા હતા અને ગ્રાહકોએ જમા કરાવવા આપેલી રકમ પોતાના અંગત ઉપયોગ તેમજ ઓનલાઈન ગેમિંગમાં ઉડાવી દીધી હતી. મે 2025માં આ કૌભાંડનો ઘટસ્ફોટ થતા પોલીસે ગુનો નોંધી કેશિયરની ધરપકડ કરી હતી.

વીરપુર પોલીસની ફરિયાદને એક વર્ષ જેટલો લાંબો સમય વીતી ગયો હોવા છતાં, ભોગ બનેલા ખાતેદારો હજુ પણ રાતા પાણીએ રડી રહ્યા છે. જ્યારે પણ ખાતેદારો બેંકમાં પૂછપરછ કરવા જાય છે, ત્યારે તેમને 'વ્યાજ સાથે રકમ મળી જશે' તેવી બાહેંધરી તો આપવામાં આવે છે. આખરે આ ખાતેદારો દાહોદ બેન્કની રિજીયોનલ ઓફિસ ખાતે પહોંચ્યાં હતાં. જ્યાં નાણા પરત આપવાની ઉગ્ર રજુઆત કરી હતી.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### કપડવંજમાં 21મીએ 'નમોત્સવ' નિમિત્તે ઘરે ઘરે જઈને નિમંત્રણ પત્રિકાનું વિતરણ કરાયું

**કપડવંજ |** કપડવંજના કોલેજ ગ્રાઉન્ડ ખાતે 21CR માર્ચ, શનિવારના રોજ યુવા સાંસ્કૃતિક ગ્રુપ દ્વારા ભવ્ય 'નમોત્સવ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવના પ્રચાર માટે વિવિધ ટીમો તૈયાર કરી શહેરના જુદા-જુદા વિસ્તારોમાં ઘરે-ઘરે જઈને નિમંત્રણ પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સાહિત્યકાર સાંઈરામ દવે અને 100થી વધુ કલાકારો મનોરંજન પીરસશે, જેના માટે દસ હજારથી વધુ લોકોની બેઠક વ્યવસ્થા કરાઈ છે. સાંસ્કૃતિક કાર્યક્રમોની સાથે આકર્ષક ડ્રોન શો અને આતશબાજીનું પણ વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.



### કપડવંજ શહેરમાં નિ:શુલ્ક ફિઝિયોથેરાપી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું




**કપડવંજ |** કપડવંજના વતની અને અમદાવાદ સ્થાયી જાણીતા ફિઝિયોથેરાપિસ્ટ ડો. નાઝનીન રાણા દ્વારા તાજેતરમાં ફિઝિયોથેરાપી કેમ્પનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. ઈક્વેટસ ટ્રસ્ટ અને લાયન્સ ક્લબ વિઝડમના સહયોગથી આ ફ્રી કેમ્પ અમદાવાદના સોનીની ચાલી અને ઉસ્માનપુરા વિસ્તારમાં યોજાયો હતો. આ કેમ્પમાં ખાસ કરીને હાડકાને લગતી વિવિધ સમસ્યાઓનું નિષ્ણાત દ્વારા સચોટ નિવારણ અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં જરૂરિયાતમંદ દર્દીઓએ આ કેમ્પનો લાભ લીધો હતો, જેનો હેતુ લોકોની શારીરિક પીડામાં રાહત આપવાનો હતો.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે.
આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### કપડવંજની જીવન શિલ્પ પ્રી-સ્કૂલના 20 વિદ્યાર્થી નેશનલ ઓલમ્પિયાડમાં ઝળક્યા

**કપડવંજ |** કપડવંજની જીવન શિલ્પ પ્રિ-સ્કૂલના ૨૦ સીનિયર કેજી વિદ્યાર્થીઓએ તાજેતરમાં યોજાયેલી રાષ્ટ્રીય સ્તરની ઓલમ્પિયાડ પરીક્ષામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી સંસ્થાનું નામ રોશન કર્યું છે. આ સ્પર્ધામાં અંગ્રેજી વિષયમાં 4 ગોલ્ડ અને 1 સિલ્વર મેડલ, જ્યારે ગણિતમાં 2 ગોલ્ડ અને 5 સિલ્વર મેડલ મેળવી બાળકોએ તેમની શૈક્ષણિક ક્ષમતા પુરવાર કરી છે. શાળાના મજબૂત પાયાના શિક્ષણ અને વાલીઓના સહકારથી મળેલી આ સફળતા બદલ ડાયરેક્ટર સિદ્ધાર્થભાઈ પટેલ અને પ્રિન્સિપાલ રીનાબેન જોશીએ તમામ વિજેતાઓને અભિનંદન પાઠવ્યા છે.



### ડાકોરના શ્રમિકો માટે આરોગ્ય સેવાના ભાગરૂપે ચોથા ધન્વંતરી રથનું પ્રસ્થાન

**નડિયાદ |** ખેડા કલેક્ટર અમિત પ્રકાશ યાદવે કલેક્ટર કચેરીથી ડાકોર વિસ્તાર માટે ધન્વંતરી આરોગ્યરથને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. જિલ્લા વિકાસ અધિકારીની હાજરીમાં શરૂ થયેલ આ રથ શ્રમિકોને ઘરઆંગણે પ્રાથમિક સારવાર અને લેબ ટેસ્ટની સુવિધા પૂરી પાડશે. આ સેવા દ્વારા શ્રમિકોના સ્થળ પર જ ઈ-નિર્માણ કાર્ડ બનાવી તેમને વિવિધ સરકારી શ્રમિક કલ્યાણ યોજનાઓનો લાભ આપવામાં આવશે. નડિયાદ, કપડવંજ અને ખેડા બાદ હવે ડાકોરના શ્રમયોગીઓ માટે આ ચોથો રથ કાર્યરત થતા આરોગ્ય સેવાઓ વધુ સુલભ બનશે.



### સીવીએમ યુનિવર્સિટી સંચાલિત આઈસ્ટાર કોલેજનો 27મો વાર્ષિકોત્સવ ઉજવાયો

**આણંદ |** ચારુતર વિદ્યામંડળ સંચાલિત આઈસ્ટાર કોલેજ ખાતે સીવીએમ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ એન્જીનીયર ભીખુભાઇ પટેલના અધ્યક્ષસ્થાને 27મો વાર્ષિકોત્સવ યોજાયો હતો. જેમાં ઝાયડસ લાઈફ સાયન્સિસના વાઇસ પ્રેસિડેન્ટ દત્તેશ શાહ અને ટોયો ઇન્ક ઇન્ડિયાના જીએમ રાહુલ મેહતા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સંસ્થાના વાર્ષિક મેગેઝીન 'ઇન્સ્પાયર-2026' નું વિમોચન કરવામાં આવ્યું હતું અને વર્ષ દરમિયાન શૈક્ષણિક તેમજ ઈતર પ્રવૃતિઓમાં રાષ્ટ્રીય-રાજ્ય કક્ષાએ તથા યુનિવર્સિટીમાં ગોલ્ડ મેડલ મેળવનાર તેજસ્વી વિદ્યાર્થીઓનું મહાનુભાવોના હસ્તે બહુમાન કરાયું હતું. આ પ્રસંગે પ્રિન્સિપાલ ડો. એમ.એમ રાજે સંસ્થાની પ્રવૃત્તિઓનો અહેવાલ રજૂ કર્યો હતો.




### અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા 'માતૃશક્તિ વંદના' કાર્યક્રમ ઉજવાયો

**નડિયાદ |** અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ખેડા જિલ્લા દ્વારા નડીઆદના બ્રહ્માકુમારી સંકુલ ખાતે 'માતૃશક્તિ વંદના' કાર્યક્રમનું દીપ પ્રાગટ્ય અને સરસ્વતી વંદના સાથે ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નડીઆદ નગરપાલિકા શાળાની 11 કન્યાઓનું 'નવ દુર્ગા' સ્વરૂપે પૂજન કરી શૃંગાર કીટ એનાયત કરાઈ હતી અને વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનાર મહિલાઓનું ટ્રોફી તથા શાલ દ્વારા સન્માન કરાયું હતું. મુખ્ય વક્તા પ્રવિણા દીદી અને અતિથિ જાહ્નવીબેન વ્યાસે મહિલા સશક્તિકરણ, સુરક્ષા અને ભારતીય સંસ્કૃતિને ટકાવી રાખવા માટે મહિલાઓના યોગદાન વિશે પ્રેરક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.



### વડોદ ગામની શાળાના વિદ્યાર્થીઓને રેવા ફાઉન્ડેશન દ્વારા શૈક્ષણિક કીટનું વિતરણ




**આણંદ |** આણંદની વડોદ શાળાના વાર્ષિકોત્સવ પ્રસંગે શ્રી રેવા ફાઉન્ડેશન દ્વારા ૨૫૬ વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સંસ્થાના પ્રમુખ કલ્પેશ રાજ અને સભ્યોના હસ્તે આ ઇનામ વિતરણનો કાર્યક્રમ ઉત્સાહભેર સંપન્ન થયો હતો. શાળાના આચાર્યએ આ સેવાકીય પ્રવૃત્તિને બિરદાવી ફાઉન્ડેશનના તમામ સભ્યોનું વિશેષ સન્માન કર્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાના સભ્યો અને શાળા પરિવારે ભારે જહેમત ઉઠાવી હતી.

### મેડ ઇન ઇન્ડિયાને વૈશ્વિક ઓળખ, ક્યુપિડ લિમિટેડનું મોટુ પગલું: ગ્લોબલ મોનોપોલી માર્કેટમાં પ્રવેશનો પ્રયાસ, ડ્યુઅલ-પોલિમર ટેક્નોલોજી સાથે નવી સુવિધા

**વડોદરા |** વડોદરા સ્થિત ક્યુપિડ લિમિટેડે હવે વિશ્વ સ્તરે નાઇટ્રાઇલ (NBR) ફીમેલ કોન્ડોમ બનાવવાની જાહેરાત કરી છે. કંપનીએ આ માટે ખાસ ડ્યુઅલ-પોલિમર ડિપિંગ ટેકનોલોજી ધરાવતી નવી ફેસિલિટી તૈયાર કરી છે. ભારતમાં આ એકમાત્ર એવી કંપની છે જે એક જ પ્લાન્ટમાં બે પ્રકારના કોન્ડોમનું ઉત્પાદન કરશે. નવી ટેકનોલોજીને કારણે ઉત્પાદનમાં કોઈપણ પ્રકારનું ક્રોસ-કન્ટેમિનેશન થશે નહીં. કંપનીએ 'મેડ ઇન ઇન્ડિયા' સાથે 'જાપાનીઝ ક્વાલિટી' પર આધારિત નવી બ્રાન્ડિંગ સ્ટ્રેટેજી અપનાવી છે. વર્ષ 2030 સુધીમાં ફીમેલ કોન્ડોમનું વૈશ્વિક બજાર 1.2 બિલિયન ડોલર સુધી પહોંચવાનો અંદાજ છે. ક્યુપિડ લિમિટેડ વાર્ષિક 125 મિલિયન ફીમેલ કોન્ડોમ બનાવવાની ક્ષમતા ધરાવે છે. આ સાથે કંપની દર વર્ષે 1.25 બિલિયન મેલ કોન્ડોમનું પણ ઉત્પાદન કરી શકશે. આ પહેલથી ભારત વિશ્વમાં હેલ્થકેર મેન્યુફેક્ચરિંગ હબ તરીકે વધુ મજબૂત રીતે ઉભરી આવશે. વૈશ્વિક સપ્લાય ચેઇનમાં હવે ભારત એક મજબૂત અને વિશ્વસનીય વિકલ્પ તરીકે સ્થાપિત થશે.

### એસપી યુનિ.માં મહિલા દિનની ઉજવણી નિમિત્તે મણિબહેન પટેલ પર આધારિત પુસ્તકનું વિમોચન



**આણંદ |** એસપી યુનિવર્સિટીના મણિબેન પટેલ વિમેન્સ સ્ટડીઝ સેન્ટર દ્વારા કુલપતિ પ્રો. નિરંજન પટેલની અધ્યક્ષતામાં મહિલા દિનની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સરદાર પટેલની 150મી જન્મજયંતિ નિમિત્તે તેમના પુત્રીના જીવન અને રાષ્ટ્રસેવાને ઉજાગર કરતા પુસ્તક સમર્પણ અને ત્યાગમૂર્તિ: મણિબહેન પટેલનું વિમોચન કરાયું હતું. આ ઉજવણીના ભાગરૂપે આયોજિત રીલ મેકિંગ સ્પર્ધામાં 20થી વધુ એન્ટ્રીઓમાંથી શ્રેષ્ઠા ગુપ્તા પ્રથમ વિજેતા બની હતી અને અન્ય વિજેતાઓને ઇનામો આપી પ્રોત્સાહિત કરાયા હતા. મુખ્ય અતિથિ નયનાબેન પટેલની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં વિવિધ વિભાગના અધ્યક્ષો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યાં હતાં.

### સ્પેશિયાલિટી મેડિસિન્સ લિમિટેડનો IPO 20 માર્ચે ખુલશે

**વડોદરા |** સ્પેશિયાલિટી મેડિસિન્સ લિમિટેડે 20મી માર્ચ, 2026ના રોજ તેનો ઈનિશિયલ પબ્લિક ઓફર (IPO) ખુલ્લો મુકવાનો નિર્ણય કર્યો છે. કંપની આ ઇશ્યૂ દ્વારા અંદાજે ₹29.14 કરોડ એકત્ર કરવાની યોજના ધરાવે છે. આ IPO 24 માર્ચ, 2026 સુધી ખુલ્લો રહેશે અને કંપનીના શેરો BSE SME પ્લેટફોર્મ પર લિસ્ટ થશે. આ ઇશ્યૂમાં કુલ 23,50,000 ઇક્વિટી શેરનો સમાવેશ થાય છે, જેમાં પ્રતિ શેર ₹117 થી ₹124નો પ્રાઇઝ બેન્ડ નક્કી કરવામાં આવ્યો છે. રોકાણકારો માટે લોટ સાઇઝ 1,000 શેર રાખવામાં આવી છે. ફાળવણીમાં રિટેલ રોકાણકારો માટે 10,90,000 શેર, નોન-ઇન્સ્ટિટ્યુશનલ રોકાણકારો માટે 10,89,000 શેર અને માર્કેટ મેકર માટે 1,50,000 શેર રાખવામાં આવ્યા છે. કંપની આ ફંડનો ઉપયોગ આરએન્ડડી સેન્ટર સ્થાપવા, આંતરરાષ્ટ્રીય બજારોમાં પ્રોડક્ટ રજિસ્ટ્રેશન, માર્કેટિંગ પ્રવૃત્તિઓ અને વર્કિંગ કેપિટલ જરૂરિયાતો માટે કરશે. કંપનીના ચેરમેન પાર્થ ગોયાણીએ જણાવ્યું કે આ IPO કંપનીના વૈશ્વિક વિસ્તરણ અને નવીન પ્રોડક્ટ વિકાસ માટે મહત્વપૂર્ણ સાબિત થશે. યુનિસ્ટોન કેપિટલ આ ઇશ્યૂનો લીડ મેનેજર છે.

જાહેર હરાજી

આથી મોજે હૈજરાબાદ તા. માતર ગ્રામ પંચાયતના બ્લોક સર્વે નં.254વાળી ગૌચરની જમીનમાંથી નીલગીરી તથા અન્ય પરિપક્વ વૃક્ષોની જાહેર હરાજી ગ્રામ પંચાયત હૈજરાબાદ તા. માતર મુકામે તા. 24-03-2026ને મંગળવારના રોજ બપોરના 12-00 કલાકે રાખેલ છે.

જેનું અંદાજીત વજન 3795 મણ તથા પંચકિંમત રૂ. 3,23,541/- છે. તથા ડિપોઝીટ રકમ પેટે રૂ. 5000/- તથા હરાજીની અન્ય શરતો સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે. તો હરાજીમાં ભાગ લેવા ઈચ્છતા તમામ ઈસમોએ ઉપરોક્ત સમય તથા જણાવેલ સ્થળ પર હાજર રહેવું.

સરપંચશ્રી
હૈજરાબાદ ગ્રામ પંચાયત
તા. માતર, જિ. ખેડા

તલાટી કમ મંત્રીશ્રી
હૈજરાબાદ ગ્રામ પંચાયત
તા. માતર, જી. ખેડા